Tuesday
26.05.2026
✳Volume :10 ✳ Issue No.319
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મુખ્ય અતિથિ તરીકે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત 'જનજાતિ સાંસ્કૃતિક સમાગમ'ને સંબોધન કર્યું

શ્રી નરેન્દ્ર મોદીએ આદિવાસી સમુદાયોને ઝઝના દાયરામાંથી બહાર રાખ્યા છે, લોકોએ કોઇના દ્વારા ફેલાવવામાં આવતી મૂંઝવણ કે ખોટી માહિતીનો ભોગ બનવું જોઇએ નહીં

- જનજાતિ સમાગમ' આગામી વર્ષોમાં આદિવાસી સમુદાયોના કુંભ તરીકે વૈશ્વિક માન્યતા પ્રાપ્ત કરશે
- મોદી સરકારે નક્સલવાદના દૂષણને નાબૂદ કર્યું છે, જેની હિંસાએ ૪૦,૦૦૦થી વધુ આદિવાસીઓના જીવ લીધા હતા
- પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિથી લઈને રાજ્યોમાં આદિવાસી મુખ્યમંત્રીઓ સુધી, મોદી યુગ આદિવાસી ગૌરવના સુવર્ણ યુગને અંકિત કરે છે
- વિપક્ષી સરકારના શાસન દરમિયાન, આદિવાસી કલ્યાણ માટેનું બજેટ માત્ર ?૨૮,૦૦૦ કરોડ હતું, જેને મોદી સરકારે પાંચ ગણું વધારીને ?૧.૫ લાખ કરોડ કર્યું છે
- ગેરસમજોથી દૂર રહો, ભાગલા પાડવા માંગતા લોકોને ઓળખો અને વિકસિત અને સમૃદ્ધ ભારતના નિર્માણ તરફ એક થઈને આગળ વધો
- પશ્ચિમ બંગાળની તમામ ૧૬ જુ બેઠકો પર ભાજપની જીત એ અટલ બિહારી વાજપેયીથી લઈને શ્રી નરેન્દ્ર મોદી સુધી, આદિવાસી સમુદાયો પ્રત્યે પક્ષની અતૂટ પ્રતિબદ્ધતાનું પરિણામ છે
- PESA હવે કાગળ પર સીમિત નથી; PESA સેલ દ્વારા, આ કાયદો હવે આદિવાસી સમુદાયોની પોતાની ભાષાઓમાં દરેક ગામ સુધી પહોંચી રહ્યો છે
- "તૂ ઔર મૈં એક રક્ત હૈ" ના મંત્ર સાથે વનવાસી કલ્યાણ આશ્રમે મૂક સેવકો તરીકે આદિવાસી સમુદાયો માટે સેવાનું અવિરત મિશન ચલાવ્યું છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મુખ્ય અતિથિ તરીકે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત 'જનજાતિ સાંસ્કૃતિક સમાગમ'ને સંબોધન કર્યું હતું પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ સંમેલન આગામી અનેક વર્ષો સુધી આદિવાસી સમુદાયોના મહાકુંભ તરીકેયાદ રાખવામાં આવશે. તેમણે કહ્યું કે ભગવાન બિરસા મુંડા પછી આ પ્રથમ આદિવાસી આંદોલન છે જે સમગ્ર દેશને એક કરે છે. તેમણે જણાવ્યું કે આ વર્ષ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ છે.

તેમણે નોંધ્યું કે ઉલગુલાન આંદોલને બ્રિટિશરોને નબળા કરી દીધા હતા, અને તે સમયે સંદેશા વ્યવહારની સુવિધાઓના અભાવ છતાં, ભગવાન બિરસા મુંડા ઝારખંડથી ગુજરાત અને સમગ્ર ભારતમાં એ સંદેશ ફેલાવવામાં સફળ રહ્યા હતા કે આપણી આસ્થા એ જ સાચી આસ્થા છે અને આપણી વતનભૂમિ પર કોઈ અતિક્રમણ કરી શકે નહીં. તેમણે કહ્યું કે જળ, જંગલ અને જમીન આપણા આદિવાસી ભાઈ-બહેનો માટે આસ્થાના કેન્દ્રો, આજીવિકાના સ્રોત અને તેમની ઓળખ તથા સંસ્કૃતિનું રક્ષણ કરતો એક અભેદ્ય કિલ્લો છે. તેમણે ઉમેર્યું કે આજે, સૌથી શ્રેષ્ઠ ટકાઉ મોડલ એ છે જે આદિવાસી સમુદાયો દ્વારા બનાવવામાં આવ્યું છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે તમામ આદિવાસી સમુદાયોએ વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતાના સિદ્ધાંતનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે કહ્યું કે આપણા બંધારણના ઘડવૈયાઓએ દરેક વ્યક્તિને પોતાની આસ્થા સાથે સન્માનપૂર્વક જીવવાનો અધિકાર આપ્યો છે. કોઈ પણ વ્યક્તિ કોઈને પણ લોભ, લાલચ કે બળજબરી દ્વારા ધર્માંતરણ કરવા માટે મજબૂર કે આકર્ષિત કરી શકે નહીં. તેમણે કહ્યું કે જો આદિવાસી સમુદાયો આજે પોતાની આસ્થાનું રક્ષણ કરવાનો સંકલ્પ કરે, તો આ પ્રતિબદ્ધતા આપણને આપણી સંસ્કૃતિ અને દેશ સાથે જોડી રાખશે. શ્રી શાહે ઉમેર્યું કે આપણી વચ્ચે ભાગલા પાડવાનો પ્રયાસ કરનારાઓ એ નથી અનુભવતા કે હજારો વર્ષો પહેલા ભગવાન રામે, શબરી દ્વારા અર્પણ કરાયેલા ચાખેલા બોર ખાઈને આપણને શીખવ્યું હતું કે આપણે બધા એક છીએ. તેમણે કહ્યું કે આજની પરિષદ અને લાખો ની સંખ્યામાં આદિવાસી સમુદાયોની ઉપસ્થિતિ સમાજમાં ભાગલા પાડવા માંગતા લોકોને એક મજબૂત સંદેશ આપે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે અત્યારે એક એવું ષડયંત્ર ફેલાવવામાં આવી રહ્યું છે જે સમાન નાગરિક સંહિતા (UCC) આદિવાસી સમુદાયોને તેમની સંસ્કૃતિ, પરંપરાઓ અને તેમના રીત રિવાજોમુજબ જીવવાના અધિકારથી વંચિત કરશે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારના ગૃહ મંત્રી તરીકે તેઓ સ્પષ્ટ કરવા માંગે છે કે UCC ની કલમ પણ જોગવાઈ આદિવાસી સમુદાયો પર લાદવામાં આવશે નહીં, કે તેમના કોઈ પણ અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવશે નહીં. તેમણે ભારપૂર્વક કહ્યું કે મોદી સરકાર ગુજરાત અને ઉત્તરાખંડમાં UCC લાગુ કરતી વખતે તમામ આદિવાસી સમુદાયોને તેના દાયરામાંથી બહાર રાખવા માટે વિશેષ જોગવાઈઓ કરી છે. શ્રી શાહે ઉમેર્યું કે તેઓ ભાગલા પાડવાનો પ્રયાસ કરનારાઓને કહેવા માંગે છે કે UCC કોઈપણ આદિવાસી સમુદાયની પરંપરાઓમાં હસ્તક્ષેપ કરશે નહીં.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે મોદી સરકારે પાંચ દાયકા જૂના નક્સલવાદના દૂષણને નાબૂદ કર્યું છે, જેની હિંસાએ ૪૦,૦૦૦ થી વધુ આદિવાસીઓના જીવ લીધા હતા, અને આજે દેશ નક્સલ સમસ્યામાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ ગયો છે. તેમણે કહ્યું કે જ્યારે આદિવાસી સમુદાયો અને વનવાસીઓના વિકાસમાં અવરોધો ઉભા કર્યા હતા તેઓને ખતમ કરી દેવામાં આવ્યા છે. શ્રી શાહે જણાવ્યું કે જે સ્થળો એ ક્યારે ય નક્સલવાદીઓ સામે લડવા માટે સુરક્ષા દળોના કેમ્પ સ્થાપવામાં આવ્યા હતા, માટી સરકારે આવા ૭૦ કેમ્પ શહીદ વીર યુંડાધુર સેવા ટેરા જાહેર સેવા કેન્દ્રોમાં ફેરવી દીધા છે. તેમણે ઉમેર્યું કે હવે આદિવાસી ક્ષેત્રોના પહાડો અને જંગલો સુધી વિકાસ લઈ જવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે તેમના પક્ષે હંમેશા આદિવાસી કલ્યાણને પ્રાથમિકતા આપી છે. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીજીએ આદિવાસી બાબતોના મંત્રાલયની રચના કરીને આદિવાસી સમુદાયોના વિકાસની શરૂઆત કરી હતી, અને પ્રધાનમંત્રી મોદીએ આ કાર્યને આગળ ધપાવ્યું છે. તેમણે કહ્યું કે અટલ બિહારી વાજપેયીજીના કાર્યકાળ દરમિયાન જ ઝારખંડ અને છત્તીસગઢ આદિવાસી બહુલ રાજ્યો બન્યા હતા, અને આજે ઓડિશા અને છત્તીસગઢ બંને રાજ્યોમાં આદિવાસી મુખ્યમંત્રીઓ છે. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ આદિવાસી કલ્યાણને આગળ વધારવા માટે સતત કામ કર્યું છે. અગાઉની કેન્દ્ર સરકારના કાર્યકાળ દરમિયાન, આદિવાસી કલ્યાણ માટેનું કુલ બજેટ ૨૮,૦૦૦ કરોડ હતું, જેને પ્રધાનમંત્રી મોદીએ વધારીને ૧.૫ લાખ કરોડ કર્યું છે. તેમણે ઉમેર્યું કે મોદી સરકાર આદિવાસી સમુદાયોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્ર મોદીએ એક ગરીબ સંથાલ પરિવારમાંથી આવતા શ્રીમતી દ્રૌપદી મુર્મુને ભારતના રાષ્ટ્રપતિ પદ પર આરૂઢ કર્યા, જેનાથી સમગ્ર આદિવાસી સમુદાયના કલ્યાણ માટે કામ થયું છે. તેમણે કહ્યું કે અટલ બિહારી વાજપેયીજીના કાર્યકાળ દરમિયાન જ ઝારખંડ અને છત્તીસગઢ આદિવાસી બહુલ રાજ્યો બન્યા હતા, અને આજે ઓડિશા અને છત્તીસગઢ બંને રાજ્યોમાં આદિવાસી મુખ્યમંત્રીઓ છે. તેમણે જણાવ્યું કે PESA એક્ટના અમલીકરણ માટે, ભારત સરકારે PESA સેલની સ્થાપના કરી છે. ૧ લાખથી વધુ માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપી છે, અને PESA ના નિયમોનો સંથાલી, ગોંડી, ભીલી અને મુંડરી જેવી અનેક આદિવાસી ભાષાઓમાં અનુવાદ કર્યો છે. તેમણે ઉમેર્યું કે સરકારે રિયલ-ટાઇમ મોનિટરિંગ માટે PESA ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન પોર્ટલ પણ બનાવ્યું છે.

શ્રી શાહે જણાવ્યું કે મધ્યપ્રદેશનું PESA કાયદાનું મોડલ એક આદર્શ મોડલ છે, અને તેમના પક્ષના નેતૃત્વવાળી તમામ સરકારો તેને વધુ આગળ વધારવા માટે કામ કરી રહી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૭૨ એકલવ્ય મોડલ સ્કૂલ સહિત અનેક મોટી વિકાસ યોજનાઓ અમલમાં મૂકી છે, અને દરેક આદિવાસી પરિવાર માટે આવાસ, વીજળી, નળનું પાણી, ?૫ લાખ સુધીનું આરોગ્ય વીમા કવચ અને માસિક ખાદ્ય રાશન સહાય સુનિશ્ચિત કરી છે. શ્રી શાહે કહ્યું કે આદિવાસી સમુદાયોનું આ આંદોલન આગામી દિવસોમાં માત્ર આપણું જતન જ નહીં કરે, પરંતુ આપણને આપણી જમીન, સંસ્કૃતિ અને આસ્થા સાથે પણ જોડી રાખશે. તેમણે ઉમેર્યું કે આ આંદોલન સમગ્ર દેશને મજબૂત કરવા માટે એક મજબૂત પાયા નાખી રહ્યું છે. તેમણે 'તૂ ઔર મૈં એક રક્ત હૈં' ના મંત્ર સાથે કહ્યું કે વનવાસી કલ્યાણ આશ્રમે મૂક સેવકો તરીકે આદિવાસી સમુદાયો માટે સેવાનું અવિરત મિશન ચલાવ્યું છે. તેમણે ઉમેર્યું કે આ મહાકુંભ આપણી સંસ્કૃતિ, આપણી જમીન અને આપણી આસ્થાના રક્ષણમાં મોટી ભૂમિકા ભજવશે. તેમણે લોકોને ગેરસમજોથી દૂર રહેવા, ભાગલા પાડનારાઓને ઓળખવા અને ૨૦૪૭ સુધીમાં વિકસિત અને સમૃદ્ધ ભારતના નિર્માણ તરફ એક થઈને આગળ વધવા અપીલ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી નાગરિક દેવો ભવ:ની વિભાવના સાકાર કરવાની દિશામાં ગુજરાતનું વન ડે ગવર્નન્સથી વોટ્સએપ ગવર્નન્સની દિશાનું એક મહત્વપૂર્ણ કદમ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ડિજીટલ ગવર્નન્સને વેગ આપીને નાગરિકોને વોટ્સએપ પરથી જ ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ બનાવાશે

ગુજરાત સરકાર અને મેટા વચ્ચે વોટ્સએપ આધારિત સિટીઝન સર્વિસિસ ડિલીવરી અંગે મહત્વના MOU ગાંધીનગરમાં સંપન્ન

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી "નાગરિક દેવો ભવ:"ની વિભાવના વન ડે ગવર્નન્સથી વોટ્સએપ ગવર્નન્સ દ્વારા સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ભર્યું છે.

આ હેતુસર રાજ્ય સરકાર અને મેટા પ્લેટફોર્મ્સ ઈંક વચ્ચે એક રૂે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે GARC ની ભલામણો અનુસાર સુગમ ડિઝીટલ ગુજરાત ઈનિસ્યેટીવ દ્વારા પાંચ જેટલા મુખ્ય વિભાગોની અંદાજે ૨૦ જેટલી નાગરિક કેન્દ્રી સેવાઓ વોટ્સએપ ચેટ બોટ મારફતે ઉપલબ્ધ કરાવેલી છે. હવે, આ સેવાઓને લોકો માટે વધુ સરળ અને ઝડપી બનાવવા સાથો-સાથ લાસ્ટ માઈલ ડિલીવરી સુનિશ્ચિત કરવામાં મેટા અને રાજ્ય સરકાર વચ્ચેના આ MOU મહત્વપૂર્ણ બનશે. તદઅનુસાર, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં વોટ્સએપ આધારિત ચેટ બોટથી રાજ્ય ભરના નાગરિકો એક જ વોટ્સએપ નંબર દ્વારા આવી ૨૦ મહત્વપૂર્ણ સેવાઓનો લાભ ઘર બેઠા પોતાના ફોન પર જ આગામી સમયમાં મેળવી શકશે. એટલું જ નહિ, આવી સેવાઓ માટે અલગ-અલગ વેબ પોર્ટલ પર નેવિગેટ કરવામાંથી કે કચેરીઓમાં ટુંબરૂ જઈને લાઈનમાં ઉભા રહીને રાહ જોવામાંથી પણ આવનારા દિવસોમાં મુક્તિ મળશે. રાજ્ય સરકાર દ્વારા જે સેવાઓ આ વોટ્સએપ પરમણતી થવાની છે તેમાં બ્રિથ-સીસ રીડ્રેસલ એટલે કે ફરિયાદ નિવારણ સહાય, આવક, જાતિ અને EWS પ્રમાણપત્રો, રેશન કાર્ડ અપડેટ્સ, મહેસૂલ રેકોર્ડસ અને સત્તાવાર સોગંદનામા જેવી મહત્વની સેવાઓનો સમાવેશ થાય છે.

આ MOU નું અમલીકરણ થતાં આગામી સમયમાં સર્વિસ ડિલીવરી પ્રોસેસ વધુ સરળ બનવા સાથો-સાથ રિયલ ટાઈમ સ્ટેટસ ટ્રેકિંગ પણ વધુ મજબૂત થશે. રાજ્ય સરકાર આવનારા દિવસોમાં તબક્કાવાર વધુ સેવાઓ પણ આ વોટ્સએપ આધારિત પ્લેટફોર્મ સાથે સાંકળવાની નેમ ધરાવે છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં કાર્યરત થનારી આ નવી વોટ્સએપ ગવર્નન્સ આધારિત નાગરિક કેન્દ્રીત સેવાઓનો સૌથી મોટો લાભ સામાન્ય માનવીને મળતો થશે તેમાં ખાસ કરીને હવે સરકારી સેવાઓ વધુ સરળ બનશે, સેવાઓ માંબાઈલ પર થોડા ક્લિકસમાં ઉપલબ્ધ થશે, સમય અને ખર્ચ બંનેની બચત થશે તથા પારદર્શીતા અને જવાબદેહી વધુ સુદ્રઢ થશે. ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારોમાં સુરક્ષારની સેવાઓની પહોંચ વધશે અને ટેકનોલોજીનો લાભ હવે સામાન્ય માણસ સુધી ઘરે બેઠા પહોંચશે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિટીઝન સેન્ટ્રીક ગવર્નન્સની જે દિશા આપી છે તેમાં ગુજરાત વન ડે ગવર્નન્સ જેવી પહેલ દ્વારા સમયબદ્ધ અને પારદર્શક સેવાઓ આપવાની શરૂઆત કરીને સામાન્ય નાગરિકને આંછામાં આંછી તકલીફ અને વધુમાં વધુ સરળતા મળતે દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સતત સફળ આયામો હાથ ધર્યા છે. શહેરી વિસ્તારોમાં જનસેવા કેન્દ્રો અને ગ્રામ્ય વિસ્તારોમાં વી.સી.ઈ. આધારિત વ્યવસ્થા દ્વારા લાખો નાગરિકોને સરકારની સેવાઓ સરળતાએ પારદર્શી રીતે પહોંચી રહી છે. હવે, M'a Platforms Inc. (Meta) સાથે થયેલા MoU દ્વારા ગુજરાત સિટીઝન સેન્ટ્રીક ગવર્નન્સના આગામી તબક્કામાં પ્રવેશી રહ્યું છે.

આવનારા સમયમાં નાગરિકોને પોતાના મોબાઈલ પર થોડા જ ક્લિક્સમાં એન્ડ ટુ એન્ડ સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો માર્ગ વધુ મજબૂત બનશે. માત્ર માહિતી જ નહીં, પરંતુ અરજીથી લઈને પ્રમાણપત્ર મેળવવાની સંપૂર્ણ પ્રક્રિયા વધુ સરળ અને વધુ સુલભ સ્વરૂપમાં પ્રાપ્ત કરાવવા માટે આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવશે. રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગના નાણીમ અને વહિવટી સુધારણા પ્રભાગના સચિવ શ્રી હારિત શુક્લા અને મેટાના ડિરેક્ટર અને હેડ ઓફ પોલિસીઝ શ્રી અમન જૈનતથા કન્ટ્રીડિરેક્ટર શ્રી એ. શ્રીનિવાસે આ રૂે પર હસ્તાક્ષર કરીને મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પરસ્પર આપ-લે કરી હતી. આ અવસરે મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, સામાન્ય વહિવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી અંજુ શર્મા, મુખ્યમંત્રી શ્રીના અગ્ર સચિવ શ્રી સ્વેજ્ય કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડો. વિક્રાંત પાંડે અને સચિવ શ્રી ડો. અજય કુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રામીણ અને શહેરી નાગરિકોને ગ્રિવન્સીસ રીડ્રેસલ સહિત આવક-જાતિ અને EWS પ્રમાણપત્રો-રેશન કાર્ડ અપડેટ-મહેસૂલ રેકોર્ડસ-સત્તાવાર સોગંદનામા જેવી ૨૦ જેટલી સરકારી સેવાઓ એક જ વોટ્સએપ નંબર પરથી ઘરે બેઠા મળતી થશે

તંત્રી સ્થાનેથી.....

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા ૨૪ મે ૨૦૨૬ ના રોજ, દેશભરના ૮૩ પરીક્ષા કેન્દ્રો (શહેરો) માં ૨,૦૭૨ પરીક્ષા સ્થળો પર ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ (પ્રિલિમિનરી) પરીક્ષા ૨૦૨૬ સહિત સિવિલ સર્વિસીસ (પ્રિલિમિનરી) પરીક્ષા, ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. કામચલાઉ (પ્રોવિઝનલ) ડેટા અનુસાર, પરીક્ષા માટે અરજી કરનારા કુલ ૮,૧૯,૭૩૨ ઉમેદવારોમાંથી આશરે ૫.૪૯ લાખ ઉમેદવારો, એટલે કે લગભગ ૬૭.૨૪ ટકા ઉમેદવારો પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ વર્ષે, કમિશને કોઈ અન્ય વ્યક્તિના નામે પરીક્ષા આપવાની પ્રવૃત્તિ (ઇમ્પર્સનેશન) ને રોકવા અને પરીક્ષા પ્રક્રિયાની અખંડિતતાને મજબૂત કરવા માટે, પરીક્ષા સ્થળો પર ઉમેદવારોના ડિયલ-ટાઇમ ફેસ ઓથેન્ટિકેશનની શરૂઆત પ્રથમ વખત કરી હતી. મેઇટી (MeitY) ના એનઇજીડી (NeGD) દ્વારા સ્વદેશી રીતે વિકસિત આ પ્રજ્ઞાલીએ તમામ ૨,૦૭૨ સ્થળો પર સંપૂર્ણ રીતે ક્રમ કર્યું હતું. આ સંભવતઃ યુપીએસસી દ્વારા હાથ ધરવામાં આવેલું સૌથી મોટું ડિયલ-ટાઇમ ફેસ ઓથેન્ટિકેશન હતું અને તેની ૧૦૦% સફળતા એ કમિશનની અખંડિતતા પ્રક્રિયાઓમાં એક મોટું કદમ હતું. પરીક્ષાના સુચારુ સંચાલન અંગે સંતોષ વ્યક્ત કરતાં યુપીએસસીના અધ્યક્ષ ડૉ. અજય કુમારે જણાવ્યું હતું કે, "યુપીએસસીની સમગ્ર ટીમ સાથે એનઇજીડી (નેશનલ ઈ-ગવર્નન્સ ડિવિઝન) અને એનআઈસી (નેશનલ ઈ-કોમ્યુનિકેશન સેન્ટર) ના પ્રયાસોથી અત્યંત ખુશ છું, જેમણે આ પરીક્ષાના અમલીકરણ માટે અથાક પરિશ્રમ કર્યો છે. તદુપરાંત, ફેસ ઓથેન્ટિકેશન પ્રોટોકોલનું અમલીકરણ કડક સોથી જટિલ આપરેશનલ કવાયતોમાંની એક હતી, અને તેનું સુચારુ સંચાલન એ ખુબજ સંતોષની બાબત છે." પરીક્ષા નિર્ધારિત સંસ્થકીય માર્ગદર્શિકા અને પરીક્ષા પ્રોટોકોલના કડક પાલન સાથે બે ફરજિયાત સત્રોમાં યોજાઈ હતી, જે સવારના સત્રમાં સવારે ૦૯:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી જનરલ સ્ટડીઝ (પેપર-I) સાથે શરૂ થઈ હતી, ત્યારબાદ બપોરના સત્રમાં બપોરે ૦૨:૩૦ થી ૦૪:૩૦ વાગ્યા સુધી સિવિલ સર્વિસીસ એપ્ટિટ્યુડ ટેસ્ટ (CSAT) પપેર-II યોજાઈ હતી. સૌથી વધુ ભીડ ધરાવતા કેન્દ્રોમાં, દિલ્હી કેન્દ્રમાં ૧૪૪ સ્થળો પર ૭૦,૮૮૫ ઉમેદવારો સાથે સૌથી વધુ અરજીઓ નોંધાઈ હતી, ત્યારબાદ હૈદરાબાદ કેન્દ્રમાં ૧૦૦ સ્થળો પર ૪૪,૨૦૬ ઉમેદવારો અને પટના કેન્દ્રમાં ૭૮ સ્થળો પર ૩૯,૧૪૭ ઉમેદવારો નોંધાયા હતા. બીજી તરફ, ક્રારગિલમાં એક સ્થળ પર ૯૮ ઉમેદવારો સાથે સૌથી ઓછા ઉમેદવારોના અરજી પત્રકો નોંધાયા હતા, ત્યારબાદ પોર્ટ બ્લેરમાં એક સ્થળ પર ૨૭૦ ઉમેદવારો અને લેહ (લદાખ) માં બે સ્થળો પર ૩૦૮ ઉમેદવારો નોંધાયા હતા. તમામ પરીક્ષા સ્થળો ઉમેદવારોની સુવિધા માટે જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓથી સજ્જ હતા. દેશના કેટલાક ભાગોમાં પ્રવર્તમાન હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને તમામ કેન્દ્રો પર પીવાનું પાણી, પાવર બેકઅપ, તબીબી સહાય, છાંયડાવાળા પ્રતીક્ષા વિસ્તારો, સ્વચ્છતા સુવિધાઓ અને દિવ્યાંગ (PwBD) ઉમેદવારો માટે સુલભતા સહાય સંબંધિત પર્યાપ્ત પગલાં સુનિશ્ચિત કરવામાં આવ્યા હતા. પરીક્ષાના સુવ્યવસ્થિત સંચાલન માટે તમામ કેન્દ્રો પર તાલીમબદ્ધ સુપરવાઈઝરી સ્ટાફ અને સુરક્ષા કર્મચારીઓની તૈનાતી પણ સુનિશ્ચિત કરવામાં આવી હતી. પરીક્ષા મુક્ત અને સુરક્ષિત વાતાવરણમાં યોજાય તે માટે તમામ પરીક્ષા સ્થળો પર મોબાઈલ સિગ્નલ જામરપણ લગાવવામાં આવ્યા હતા. પરીક્ષા કેન્દ્રો પરની ભીડ ઓછી કરવા ના પ્રયાસરૂપે, યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) એ આ વર્ષે ભુવનેશ્વર, કાનપુર અને મેરઠ ખાતે ત્રણ નવા પરીક્ષા કેન્દ્રો ઉમેર્યા છે. કમિશને એક ડ્રોપ આઉટ વિકલ્પ પણ રજૂ કર્યો છે જે ઉમેદવારોને તેમની પસંદગીના ત્રણ કેન્દ્રો સુધીના શહેરો છોડવા માટે સક્ષમ બનાવે છે. આ કવાયત દ્વારા એકત્રિત કરવામાં આવેલ ડેટા ઉમેદવારોની પસંદગીના સર્વેક્ષણ તરીકે કામ કરશે અને ભવિષ્યમાં વધારાના પરીક્ષા કેન્દ્રો સ્થાપવા માટે વ્યવહારુ સ્થાનો ઓળખવામાં મદદ કરશે. પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા વધારવાના તેના સતત પ્રયાસોના ભાગરૂપે, યુપીએસસી, પ્રથમ વખત, પરીક્ષા પૂર્ણ થયાના ટૂંક સમયમાં જ પ્રોવિઝનલ (કામચલાઉ) આન્સર કી જાહેર કરશે. કમિશન શરૂઆતમાં પ્રોવિઝનલ આન્સર કી પ્રકાશિત કરશે અને પરીક્ષાની તારીખથી ત્રણ દિવસ એટલે કે ૩૧ મે ૨૦૨૬ સુધી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ઉમેદવારો પાસેથી રજૂઆતો, જો કોઈ હોય તો, મંગાવશે. સંબંધિત પ્રશ્નો માટેની આન્સર કીની શુદ્ધતા પર વિચારિત અભિપ્રાય નોંધતા પહેલા, ઉમેદવારો દ્વારા સબમિટ કરાયેલા સહાયક દસ્તાવેજો સાથે પ્રાપ્ત થયેલી તમામ રજૂઆતોની ક્રાળજીપૂર્વક તપાસ કરવામાં આવશે. જો કે, કમિશનની પ્રવર્તમાન પ્રણાલી અનુસાર, સિવિલ સર્વિસીસ પરીક્ષા - ૨૦૨૬ નું અંતિમ પરિણામ જાહેર થયા પછી જ ફાઇનલ આન્સર કી જાહેર કરવામાં આવશે. પરીક્ષા માટે અરજી કરનારા કુલ ઉમેદવારોમાંથી, ૧૧,૨૨૪ ઉમેદવારો બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ (PwBD) (૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા) અને દિવ્યાંગ વ્યક્તિઓ (PwD) (૪૦ ટકાથી ઓછી દિવ્યાંગતા) ની શ્રેણીના હતા. અંધત્વ, લોકોમોટર દિવ્યાંગતા (બંને હાથને અસર થઈ હોય-BA) અને સેરેબ્રલ પાલ્સીની શ્રેણીમાં બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને પ્રતિ કલાક વીસ મિનિટનો વળતર સમય (કોમ્પ્યુટરાઇઝ્ડ ટાઇમ) એટલે કે દરેક સત્રમાં ૪૦ મિનિટ આપવામાં આવી હતી. અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અને ૪૦% થી ઓછી દિવ્યાંગતા ધરાવતા અને લખવામાં તકલીફ અનુભવતા વ્યક્તિઓને પણ મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવાને આધીન વળતર સમય આપવામાં આવ્યો હતો કે તેઓને લખવામાં તકલીફ પડી રહી છે. કમિશને નોંધ્યું હતું કે સિવિલ સર્વિસીસ (પ્રિલિમિનરી) પરીક્ષા-૨૦૨૬ અને ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ (પ્રિલિમિનરી) પરીક્ષા-૨૦૨૬ નુંસફળ સંચાલન બહુવિધ હિતધારકોના સંયુક્ત પ્રયાસો અને પરીક્ષા પ્રણાલીમાં નિષ્પ્રક્ષતા, કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવાના હેતુથી સંસ્થાકીય મિકેનિઝમ્સના સતત સુદ્રઢીકરણને પ્રતિબિંબિત કરે છે.

રક્ષા ખડ્સેએ IIT ગુવાહાટી ખાતે સાયકલ પર ફિટ ઈન્ડિયા સન્ડેઝની વિશેષ ૭૫મી આવૃત્તિ દરમિયાન કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની ઉજવણીનું નેતૃત્વ કર્યું

કમલમ્,

કેન્દ્રીય રમતગમત રાજ્ય મંત્રીએ ભારતના રમતગમતના ભવિષ્યના નિર્માણમાં ફિટનેસ અને યુવા ભાગીદારીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો; કોમનવેલ્થ મેડલ વિજેતાઓ જયંત તાલુકદાર અને સુશીલા દેવીએ ગુવાહાટીમાં સહભાગીઓને પ્રેરિત કર્યા ફિટનેસ, યુવા ભાગીદારી અને ભારતની વધતી રમતગમતની આકાંક્ષાઓની એક શક્તિશાળી ઉજવણીમાં, યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી રક્ષા ખડસેએ આજે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગુવાહાટી કેમ્પસ ખાતે સાયકલ પર ફિટ ઈન્ડિયા સન્ડેઝની વિશેષ કોમનવેલ્થ ગેમ્સ આવૃત્તિનું નેતૃત્વ કર્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા રીજનલ સેન્ટર ગુવાહાટી દ્વારા IIT ગુવાહાટીના સહયોગથી આયોજિત આ પ્રયત્નમ સાયકલ પર ફિટ ઈન્ડિયા સન્ડેઝની દેશવ્યાપી ૭૫મી આવૃત્તિનો એક ભાગ હતો, જે અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ના ભારતના યજમાનપદની ઉજવણી કરે છે. #CWG2030InBha@ratn

બેનર હેઠળ આયોજિત આ કાર્યક્રમે રાષ્ટ્રીય ગૌરવ અને સામુદાયિક ભાગીદારીના જીવંત પ્રદર્શનમાં રમતવીરો, વિદ્યાર્થીઓ, સાયકલ સવારો, ફિટનેસ ઉત્સાહીઓ અને નાગરિકોને એકસાથે લાવ્યા હતા. મેદનીને સંબોધતા, રક્ષા ખડસેએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને સમગ્ર દેશમાં ફિટનેસ અને રમતગમતમાં ભાગીદારીની વધતી જતી સંસ્કૃતિ પર ભાર મૂક્યો હતો. "ક્રોમનવેલ્થ ગેમ્સની ઉજવણી માટે ગુવાહાટીમાં 'સન્ડેઝ ઓન સાયકલ' ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, કારણ કે આપણે બધા જાણીએ છીએ કે ભારત તેની યજમાની કરવાનું છે. રમતગમત મંત્રાલય દ્વારા, દર રવિવારે સમગ્ર દેશમાં 'સન્ડેઝ ઓન સાયકલ' પહેલનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જી દ્વારા શરૂ કરવામાં આવી હતી," રક્ષા ખડસેએ જણાવ્યું હતું. તેમણે પડકારજનક હવામાન પરિસ્થિતિઓ હોવા છતાં યુવાનો, રમતવીરો અને સંસ્થાઓની ભાગીદારીની વધુ પ્રશંસા કરી હતી અને કાર્યક્રમને સફળતાપૂર્વક આયોજિત કરવા બદલ IIT ગુવાહાટી અને SAI ની ટીમોનો આભાર માન્યો હતો. ગુવાહાટી આવૃત્તિમા IIT ગુવાહાટી કેમ્પસ દ્વારા એક વિશાળ સાયકલ રેલી કાઢવામાં આવી હતી, જે વધુ ફિટ અને મજબૂત રમતગમત રાષ્ટ્ર તરફ ભારતની સામૂહિક સફરનું પ્રતીક છે. આ કાર્યક્રમમાં યોગ સત્રો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ઉત્તર-પૂર્વના સમૃદ્ધ રમતગમત અને સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરતું એક વિશેષ થાંગ-તા માર્શલ આર્ટ્સ પ્રદર્શન પણ સામેલ હતું. ઓલિમ્પિયન અને કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતા જયંત તાલુકદાર અને કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતા સુશીલા દેવી લિકમાબામ આ ઉજવણીમાં જોડાયા હતા અને સહભાગીઓ સાથે વાતચીત કરી હતી, જે યુવાનોને પ્રેરણા આપવા અને સહભાગીઓ સાથે વાતચીત કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઓલિમ્પિયન અને કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતા સુશીલા દેવી લિકમાબામ આ ઉજવણીમાં જોડાયા હતા અને સહભાગીઓ સાથે વાતચીત કરી હતી, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તેમની સફર અને અનુભવોથી યુવા રમતવીરોને પ્રેરિત કરે છે. એક વિશેષ કોમનવેલ્થ ગેમ્સ-થીમ આધારિત પ્રદર્શન પણ આયોજિત કરવામાં આવ્યું હતું, જેમાં ખેલો ઈન્ડિયા મિશન હેઠળ પ્રગતિ, રમતગમત ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ અને દૂરની વધતી જતી રમતગમતની ઈકોસિસ્ટમ સહિત છેલ્લા દાયકામાં ભારતની રમતગમતની સિદ્ધિઓને રેખાંકિત કરવામાં આવી હતી.

SAI ગુવાહાટી દ્વારા આયોજિત ક્રોમનવેલ્થ ગેમ્સ ઓપન ક્વિઝ અને ડ્રોઈંગ સ્પર્ધાના વિજેતાઓનું કાર્યક્રમ દરમિયાન રક્ષા ખડસે અને અન્ય મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સાયકલ પર ફિટ ઈન્ડિયા સન્ડેઝની દેશવ્યાપી ૭૫મી આવૃત્તિમાં દેશભરમાં ૮,૦૦૦ થી વધુ સ્થળોએ ભાગીદારી જોવા મળી હતી અને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ પહેલા વૈશ્વિક રમતગમત શક્તિ તરીકે ભારતના ઉદભવની પ્રતીકાત્મક ઉજવણી તરીકે આયોજિત કરવામાં આવી હતી. ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત શરૂ કરાયેલ, સન્ડેઝ ઓન સાયકલ એ ભારતની સૌથી મોટી સમુદાય સંચાલિત ફિટનેસ પહેલોમાંની એક તરીકે વિકસિત થઈ છે, જે તમામ વય જૂથો ના નાગરિકોમાં સાયકલિંગ, વેલનેસ અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપે છે.

આફ્રિકન દેશોમાં ઈબોલાના કેસોને પગલે ગુજરાત સરકાર એલર્ટ

ગુજરાતકે ભારતમાં હાલની સ્થિતિએ ઈબોલા વાયરસનો એક પણ કેસ નથી, નાગરિકોએ સહેજપણ ગભરાવવાની જરૂર નથી: આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

કેન્દ્ર સરકારની SOP અને માર્ગદર્શિકાનું રાજ્યમાં ચુસ્ત પાલનઃ આરોગ્ય વિભાગ સંપૂર્ણ સજ્જ

અમદાવાદ સિવિલ ખાતે ૩૨, સુરત સિવિલમાં ૧૦ બેડ તેમજ શંકાસ્પદ દર્દીઓ માટે એસ.વી.પી. હોસ્પિટલ-અમદાવાદ ખાતે ૬૦ બેડની અલાયદી વ્યવસ્થા કાર્યરત

કમલમ્,

ગુજરાત કે ભારતમાં હાલની સ્થિતિએ ઈબોલા વાયરસનો એક પણ કેસ નથી, નાગરિકોએ સહેજ પણ ગભરાવવાની જરૂર નથી. કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જૂ મા ગંદકીકા અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર -SOP ગુજરાત સરકારને આપવામાં આવી છે, તેનું ચુસ્તપણે પાલન કરવા માટે આરોગ્ય વિભાગની આખી ટીમનું સુચવ્યસ્થિત આયોજન કરી દેવામાં આવ્યું છે. રાજ્ય સરકારના તમામ વહીવટી અને આરોગ્ય અધિકારીઓ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણ તૈયારીઓ સાથે સજ્જ છે તેમ, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું. દક્ષિણ આફ્રિકા ના કોંગો, યુગાન્ડા અને સાઉથ સુદાન જેવા દેશોમાં ઈબોલા વાયરસના કેસો જોવા મળી રહ્યા છે. જેને પગલે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે સતર્ક બન્યો છે. આ સંદર્ભેઆજે સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યની સજ્જતા અને આગોતરા આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સૌથી વધુ પ્રભાવિત આફ્રિકન દેશોમાંથી આવતા મુસાફરો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સાંજના ૦૬:૦૦ વાગ્યાથી લઈને સવારના ૧૦:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન યુગાન્ડા, કોંગો અને સાઉથ સુદાનથી આવતા તમામ પેસેન્જરોનું સઘન સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. આ સ્ક્રીનિંગ માત્ર પ્રભાવિત આફ્રિકન દેશો માંથી આવતા મુસાફરો માટે જ છે, અન્ય દેશોના મુસાફરો માટે કોઈ ચિંતાનું કારણ નથી. કોઈપણ ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળવા માટેની આગોતરી તૈયારીના ભાગરૂપે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૩૨ બેડ અને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦ બેડની ડેડીકેટેડ એપેક્સ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી છે. આ ઉપરાંત શંકાસ્પદ દર્દીઓની સારવાર માટે એસ.વી.પી. હોસ્પિટલ-અમદાવાદ ખાતે પણ ૬૦ બેડના અલાયદા આઈસોલેશન વોર્ડ અને વિશેષ વ્યવસ્થા ઊભી કરાઈ છે. જો કોઈ મુસાફર શંકાસ્પદ જણાશે, તો ભારત સરકારની ગાઈડલાઈન મુજબ તાત્કાલિક તેની સારવાર શરૂ કરી શકાય તેવી રાજ્ય સરકારની પૂરી તૈયારી છે. જોકે, આવી કોઈ પરિસ્થિતિ ઊભી ન થાય તેવી આશા પણ મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. નાગરિકોને આશ્વસ્ત કરતા આ રોગ્ય મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, હાલ સમગ્ર ભારતમાં કે ગુજરાતમાં ઈબોલા વાયરસનો એક પણ કેસ નોંધાયો નથી. આથી જનતાએ સજ્જ પણ ગભરાવવાની કે ચિંતા કરવાની જરૂર નથી. માત્ર સંબંધિત દેશોમાંથી આવતા મુસાફરોએ જ તકેદારી રાખવાની છે, જેથી સંક્રમણ ફેલાવાની કોઈ શક્યતા ન રહે. રાજ્યનું આરોગ્ય તંત્ર નાગરિકોની સુરક્ષા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

કચ્છી આર્ટ્સ ટ્રસ્ટ ના પ્રમુખ નું સન્માન કરાયું

ભુજની સંસ્કૃત પાઠશાળા ખાતે હાટકેશ સેવા મંડળ તેમજ સહકાર સેવા મંડળ દ્વારા સન્માન કરાયું

કમલમ્,ભુજ

કચ્છી આર્ટ્સ ટ્રસ્ટ તરફથી હાટકેશ સેવા મંડળ તેમજ સહકાર સેવા મંડળ દ્વારા સ્વચ્છ અને સુંદર ક્રામગીરી કરનાર કચ્છી આર્ટસ પ્રમુખ કુમાર રમજીભાઈ (માનકુવા) નો સાલ ઓઢાડી હાર પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાંના પ્રસંગે સહકાર સેવા મંડળના પ્રમુખ ઝવેરભાઈ સમેજા,હાટકેશ સેવા મંડળના પ્રમુખ વિભાકરભાઈ અંતાણી અને અંબિકા મહિલા મંડળ ના પ્રમુખ જયશ્રીબેન હાથી, હેમાંશુભાઈ અંતાણી, ગુજીવભાઈ મહેતા, આશિષ વૈદ્ય,આશાબેન સ્થાદિયા, દર્શનાબેન મુનશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગેહિંદુ મુસ્લિમ એકતા ના દર્શન થયા હતા તો રમજુભાઈ દ્વારા લોકોને પૂરતો સહયોગ મળી રહેશે તેવું જણાવી આભાર વ્યક્ત કર્યા હતો

જૂનાગઢ કલેકટર શ્રી યોગેશ ચૌધરીએ વસતી ગણતરી-૨૦૨૭ અંતર્ગત સ્વ- ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરી

કલેકટરે જનગણના-૨૦૨૭ની સ્વ-ગણતરી પ્રક્રિયામાં જોડાવા લોકોને અનુરોધ કર્યો

કમલમ્,જુનાગઢ

ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વસતી ગણતરી-૨૦૨૭ અંતર્ગત 'સ્વ-ગણતરી' પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અનુસંધાને જૂનાગઢ કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ વસતી ગણતરીના સત્તાવાર ઓનલાઈન પોર્ટલ પર પોતાની વિગતો નોંધાવી સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. વસતી ગણતરી-૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ રાષ્ટ્ર નિર્માણની મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજ્યમાં જનગણના-૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરી પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી છે. તા. ૧૭ મે થી તા. ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન નાગરિકો ઓનલાઈન પોર્ટલ દ્વારા પોતાની જાતે સ્વ-ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરવા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી દ્વારા લોકોને આહવાન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટરશ્રી, દ્વારા નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં સ્વ-ગણતરી પ્રક્રિયામાં જોડાવા અપીલ કરવામાં આવી છે. નાગરિકે પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકે છે.

ભારત સરકાર દ્વારા આગામી સમયમાં વસ્તી ગણતરી-૨૦૨૭ હાથ ધરવામાં આવનાર છે. તેના પ્રથમ તબક્કામાં ગુજરાત રાજ્યમાં તા. ૧ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન ઘર યાદીનું મકાનોની ગણતરી હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયા વધુ સરળ અને સુચારૂ બને તે હેતુથી તા. ૧૭ મે થી તા. ૩૧ મે, ૨૦૨૬ સુધી સ્વ-ગણતરી ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સ્વ-ગણતરી માટે નાગરિકોએ પોર્ટલ પર જઈ પોતાનું રાજ્ય, જિલ્લો અને અન્ય જરૂરી વિગતો દાખલ કરીને નોંધણી કરાવવાની રહેશે. ત્યાર બાદ મોબાઈલ નંબર આધારિત ઓટીપી દ્વારા વેરિફિકેશન પૂર્ણ કરી વિગતો ઓનલાઈન દાખલ કરવાની રહેશે. તમામ વિગતો ચકાસ્યા બાદ Final Submit કરવાથી ૧૧ આંકડાનો યુનિક આઈડી જનરેટ થશે, જે મોબાઈલ પર SMS દ્વારા પ્રાપ્ત થશે. પછી જ્યારે વસતી ગણનારીદાર ઘરની મુલાકાતે આવે ત્યારે આ યુનિક આઈડી તેમને આપવાનો રહેશે, જેથી ઓનલાઈન ભરેલ માહિતીની ખરાઈ થઈ શકે. જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીએ તમામ વિગતો ચકાસ્યા બાદ જ ફાઈનલ સબમિટ કરવા અને અન્ય મહાનુભાવોને સ્વ-ગણતરી પૂર્ણ કરી રાષ્ટ્ર નિર્માણના આ મહત્વપૂર્ણ કાર્યમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

ડાંગ જિલ્લો : કુદરતી સૌંદર્ય, આદિવાસી સંસ્કૃતિ અને સર્વાંગી વિકાસનું અનોખું સંકલન

કમલમ્,આહવા

ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં "વસતી ગણતરી" (Census) માત્ર લોકોની સંખ્યા ગણવાની પ્રક્રિયા નથી. પરંતુ દેશના વિકાસ, નીતિનિર્માણ અને કલ્યાણકારી યોજનાઓ માટેનો સૌથી મહત્વપૂર્ણ આંકડાકીય આધાર છે. દર દસ વર્ષે કરવામાં આવતી વસતી ગણતરી દેશની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિનું સાચું પ્રતિબિંબ રજૂ કરે છે. ત્યારે દેશભરમાં ચાલી રહેલી આ વિશાળ ક્રામગીરી સંદર્ભે ગુજરાતના વ્રક્ષિણછેડે આવેલા ડાંગ જિલ્લાની કેટલીક રસપ્રદ વિગતો વાચકો સમક્ષ પ્રસ્તુત કરવી, એ કદાચ સાંપ્રત લેખાશે. ડાંગ જિલ્લો પ્રાકૃતિક સૌંદર્ય, ઘનિષ્ઠ જંગલો, આદિવાસી સંસ્કૃતિ અને પર્યટન સ્થળો માટે સમગ્ર રાજ્યમાં આગવું સ્થાન ધરાવે છે. જિલ્લાનું મુખ્ય મથક આહવા છે. ઉત્તર અક્ષાંશ ૨૦.૩૯ થી ૨૧.૫૦ અને પૂર્વ રેખાંશ ૭૨.૨૯ થી ૭૩.૫૧ વચ્ચે આવેલો આ જિલ્લો, પ્રાકૃતિક સંપદાથી સમૃદ્ધ માનવામાં આવે છે. પૂર્ણા, અંબિકા, ખાપરી, અને ગીરા જેવી નદીઓ ડાંગ જિલ્લા ના જીવનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ડાંગ જિલ્લાની આબોધ અહીંના ઘનિષ્ઠ જંગલો અને વૈવિધ્યસભર વનસ્પતિથી પણ થાય છે. નાગલી, વરી, ડાંગર, જુવાર, અડદ, તુવેર, ચણા, અને મકાઈ જેવા પાકો અહીં મુખ્યત્વે ઉગાડવામાં આવે છે. જિલ્લામાં સાપુતારા, ગીરાધોધ, શબરીધામ, પાંડવ ગુફા, માયાદેવી, પંપા સરોવર, અને બોટાનિકલ ગાર્ડન જેવા પર્યટન સ્થળો પ્રવાસીઓને આકર્ષે છે. વસતી વિષયક માહિતી મુજબ ડાંગ જિલ્લામાં કુલ ૩ તાલુકામાં ત્રણ જેટલા શહેરી વિસ્તાર અને ૩૦૮ ગામો આવેલાં છે. આજની તારીખે જિલ્લામાં કુલ ૧૦૦ ગ્રામ પંચાયતો કાર્યરત છે. લગભગ ૧ ૭૬૪ ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવતા ડાંગનો જંગલ વિસ્તાર આશરે ૧૦૩૪.૬૮ હેક્ટર જેટલો નોંધાયો છે. વર્ષ ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ જિલ્લામાં કુલ ૨,૨૮,૨૯૧ વસ્તી છે. જેમાં ૧,૧૩,૯૨૧ પુરુષો અને ૧,૧૪,૪૭૦ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જિલ્લાનો જાતિ દર એક હજાર પુરુષે ૧૦૦૯ સ્ત્રીનો રહ્યો છે. જે રાજ્યમાં બીજા ક્રમાંકે છે. જિલ્લાની ગ્રામ્ય વસતી ૨,૦૩,૬૦૪ છે, જ્યારે શહેરી વસતી માત્ર ૨૪,૬૮૭ છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે ડાંગ જિલ્લો મુખ્યત્વે ગ્રામ્ય અને આદિવાસી જીવનશૈલી ધરાવતો વિસ્તાર છે. વસતી ની ઘનતા પ્રતિ ચોરસ કિલોમીટર ૧૨૯ વ્યક્તિઓ જેટલી નોંધાય છે. અનુસૂચિત જનજાતિની વસતી જિલ્લામાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. કુલ અનુસૂચિત જનજાતિ વસતી ૨,૧૬,૦૭૩ છે. જિલ્લાની કુલ વસતીનો લગભગ ૯૪ ટકા જેટલો ભાગ બને છે. સાક્ષરતા દર ૭૫.૧૬ ટકા નોંધાયો છે, જે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ પ્રત્યે વધી રહેલી જાગૃતિ દર્શાવે છે. જિલ્લામાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે પણ સતત વિકાસ થઈ રહ્યો છે. સને ૨૦૨૨/૨૩ ની સ્થિતિએ જિલ્લામાં ૩ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અને ૬૮ આયુષ્યમાન આરોગ્ય મંદિરો કાર્યરત છે. ઉપરાંત ૧ સિવિલ હોસ્પિટલ, ૧ આયુર્વેદિક હોસ્પિટલ, અને ૭ આયુર્વેદિક દવાખાનાઓ, અનેક પશુ દવાખાના પણ કાર્યરત છે. સાથે અહીં ૪૩૧ પ્રાથમિક શાળાઓ, ૬૬ માધ્યમિક શાળાઓ, અને ૩૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શિક્ષણ સેવા આપી રહી છે. જિલ્લામાં ૫ પોલીસ સ્ટેશનો અને ૭૫૧ સહકારી મંડળીઓ પણ કાર્યરત છે. ગુજરાતના રજીસ્ટ્રાર જનરલતથા સેન્સસ કમિશનરશ્રીની કચેરી તરફથી ઉપલબ્ધ થયેલી વિગતો અનુ

કાંતિલાલની કમાલ! શ્રમમંત્રીનાં અથાક શ્રમે દસ લાખ વૃક્ષો વાવી મોરબીને હરિયાળું બનાવ્યું

શ્રી કાંતિલાલ અમૃતિયા મોરબીનાં ધારાસભ્ય છે. સરકારમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારનાં રાજ્યકક્ષાનાં મંત્રી છે. વર્ષ ૨૦૨૫માં મચ્છુ ડેમ(૨)નાં કાંઠે ૧૨૦૦ વીઘા જમીનમાં દસ લાખ વૃક્ષો ઉછેરી વન સર્જ્યું.

વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં ૭૫માં જન્મ દિવસે રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતનાં સૌથી મોટા વન કવચ 'નમો વન'નું લોકાર્પણ કર્યું હતું.

કમલમ્,

'વિશાળ જગ વિસ્તારે, નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો, વનો, ને છે વનસ્પતિ.'' ઉમાશંકર જોશીની આ પ્રકવ્યપંક્તિને ચરિતાર્થ કરવાનું પ્રમ રાજ્યનાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારનાં રાજ્યમંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાએ મોરબીમાં કર્યું છે. મોરબીના પાદરમાં આવેલા મચ્છુ (૨) ડેમનાં કાંઠે શ્રી મોરબી પાંજરાપોળ ટ્રસ્ટની ૧૨૦૦ વીઘા જમીનમાં વર્ષ ૨૦૨૫માં દસ લાખ વૃક્ષો વાવીને ઉછેરવામાં કાંતિલાલ અમૃતિયા અને પરસોત્તમ રૂંડાણી જેવા સેવાભાવી વ્યક્તિઓનું યોગદાન પણ ઉલ્લેખનીય રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં ૭૫માં જન્મદિવસે આ વન કવચ (નમો વન)નું રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે લોકાર્પણ થયું હતું આઠ મહિના પહેલા જે વિસ્તાર વેરાન વગડો હતો ત્યાં અત્યારે વનરાજી ખીલી ઉઠી છે. ''કનાભાઈ''નાં હુલામણા નામથી જાણીતા શ્રી કાંતિલાલ અમૃતિયા સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી શ્રી મોરબી પાંજરાપોળ ટ્રસ્ટનાં એક ટ્રસ્ટી છે. આ ટ્રસ્ટ પાસે ૪૫૦૦ વીઘા જમીન છે. પર્યાવરણને બચાવવા આપણે કંઈક ઘમકાલુપ કરવું જોઈએ એ વિચારથી કાંતિલાલ અમૃતિયાએ ભગીરથ કાર્ય હાથ પર લીધું અને ગુજરાતનું સૌથી મોટું 'વન કવચ' (નમો વન) બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો.

મચ્છુ ડેમ (૨)ના કાંઠે આવેલી ટ્રસ્ટની ૧૨૦૦ વીઘા જમીનમાં દસ લાખ વૃક્ષો વાવવાનું ભગીરથ અભિયાન શરૂ કર્યું. મચ્છુ કાંઠે આ પહેલા મચ્છુ ડેમનાં કાંઠે આઠ જેટલા ચેકડેમ બનાવી જળસંચયનું કામ તો કર્યું જ છે. ૫૦૦ લોકોએ રોજ ૨૫ થી ૩૦ હજાર વૃક્ષો વાવ્યાં ''જ્યારે અમે એક મહિનામાં દસ લાખ રોપાઓ વાવવાનો નિર્ણય કર્યો ત્યારે વૃક્ષારોપણ માટે મોટુ ફરત કરતી સંસ્થા સદભાવના વૃદ્ધાશ્રમની મદદથી વિગતવાર આયોજન કર્યું. ''અભિયાનનાં પ્રારંભિક તબક્કાની યાદોને તાજી કરતાં શ્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું ''અમારા આ યજ્ઞમાં સદભાવના વૃદ્ધાશ્રમને જોડયું. જમીન પડતર હતી એટલે સૌથી પહેલા તેને સમથળ કરી. માટીની ગુણવત્તા સુધારવા બહારથી હજારો ટન સારી માટી અહીં ઠલવી.

મોટી માત્રામાં છાણીયું ખાતર નાંખી જમીનને ફળદ્રુપ બનાવી. ૧૨૦૦ વીઘા જમીનની ફરતે રફ ફેન્સિંગ કર્યું. આ પછી વૃક્ષારોપણ માટે એક સાથે ૫૦૦ માણસો જોડાયા. રોજ અંદાજે ૨૫ થી ૩૦ હજાર વૃક્ષો વાવવા નું ભગીરથ કામ હાથ ધર્યું. માત્ર ૩૭ દિવસનાં અથાક પ્રયત્નનાં અંતે અમે ૧૦ લાખ વૃક્ષો વાવ્યા,'' શ્રી કાંતિલાલ અમૃતિયાએ વધુમા જણાવ્યું. વર્ષ ૨૦૨૫માં સપ્ટેમ્બર ૧૭નાં રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસે મોરબીમાં મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે 'નમો વન'નું લોકાર્પણ થયું. કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું કે, દસ લાખ વૃક્ષોને નિયમિત ખાતર અને પાણી મળી રહે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. તેનું સંચાલન સદભાવના વૃદ્ધાશ્રમ કરે છે. આજે આઠ મહિના પછી, આ દસ લાખ રોપા હવે મોટા થઈ વૃક્ષો બની ગયાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આઠકોનિક રોડ બનાવવા ત્રણ કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવી ''મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ અમારા કાર્યમાં અંગત રસ લીધો છે. તાજેતરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં તેમણે બીજીવખત 'નમો વન'ની મુલાકાત લીધી અને આ વન કવચ સુધી લોકો આવી શકે તે માટે આઈકોનિક રોડ બનાવવા માટે રૂ ૩ કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવી છે,'' શ્રી કાંતિલાલ અમૃતિયાએ મુખ્યમંત્રીશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતા કહ્યું. કાંતિલાલે કેન્સરને હરાવ્યું, હવે શેષ જીવન પ્રકૃતિને સમર્પિત ૬૪ વર્ષીય શ્રી કાંતિલાલ અમૃતિયાને તાજેતરમાં જ કેન્સરનું નિદાન થતા સજર્રી કરાવી છે. સામાન્ય માણસ કેન્સરનાં નામથી હારી જાય પણ કાંતિલાલ એમાંના નથી. પાંચ કિમોથેરાપી પુરી કરી હાલ ઈમ્યુનોથેરાપી લઈ રહેલા શ્રી કાંતિલાલ અમૃતિયાએ લોકસંપર્ક ઘટાડ્યો નથી. તેમણે કહ્યું કે, આ કેન્સરથી બચાવી, ફરતને મને બીજુ જીવન આપ્યું છે અને આ બીજું જીવન પ્રકૃતિને સમર્પિત કરવા માંગુ છું. ''કેન્સરની સજર્રી પછી મને એવું લાગે છે કે કુદરતે મને બીજુ જીવન આપ્યું છે. હવે ધુંઆકૃતિક ખેતી, અને વૃક્ષારોપણ અંગે જાગૃતિ કેળવવા માટે જીવન સમર્પિત કરવા માંગું છું. અમે સરકારને પત્ર લખીને મચ્છુ ડેમના કિનારે આવેલી નજીકની સરકારી જમીન ફાળવવાની માંગ કરી છે, જેથી ત્યાં પણ આ પ્રકારનું વિશાળ વૃક્ષારોપણ અભિયાન હાથ ધરી શકાય,'' છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા શ્રી કાંતિલાલ અમૃતિયાએ શેષ જીવનનો મર્મ સમજાવતા કહ્યું.

અમદાવાદના ઓઢવ ખાતે આયોજિત યોગ શિબિરમાં સહભાગી થઈ નાગરિકો સાથે યોગાભ્યાસ કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

'સ્વસ્થ કાયા, સશક્ત સમાજ'ના સંકલ્પને વધુ મજબૂત કરવા તથા નિરોગી અને ઉર્જાવાન જીવન માટે યોગને દૈનિક જીવનનો હિસ્સો બનાવવા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની નાગરિકોને અપીલ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા આગામી ૧૨ માં આંતરરાષ્ટ્રીય યોગદિવસ સંદર્ભે આજે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અમદાવાદના ઓઢવ ખાતે આયોજિત યોગ શિબિરમાં ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓએ શિબિરમાં સહભાગી થઈ યોગાભ્યાસ કર્યો હતો. 'સ્વસ્થ કાયા, સશક્ત સમાજ'ના સંકલ્પને વધુ મજબૂત કરવા તથા નિરોગી અને ઉર્જાવાન જીવન માટે યોગને દૈનિક જીવનનો હિસ્સો બનાવવા તેઓએ નાગરિકોને અપીલ કરી હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આપણે આભાર વ્યક્ત કરવો જોઈએ, કારણ કે તેમણે ભારતના યોગને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેમના પ્રયાસોના પરિણામે ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે અને સમગ્ર વિશ્વે પણ યોગના મહત્વને સ્વીકાર્યું છે.

આ પ્રસંગે તેમણે યોગથી થતા વિવિધ ફાયદાઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, યોગ પ્રત્યે જનજાગૃતિ વધારવી આપણી ફરજ છે. યોગના આરોગ્યલક્ષી લાભો અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં તેની ભૂમિકા અંગે વધુમાં વધુ લોકોને માહિતગાર કરી, યોગને રોજિંદા જીવનનો ભાગ બનાવવા સૌ નાગરિકોએ અન્યોને પ્રેરણા આપવી જોઈએ.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા એ વધુમાં જણાવ્યું હતું કે યોગ વર્ષોથી આપણી સંસ્કૃતિનો એક અભિન્ન ભાગ રહ્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રયાસોથી ગુજરાતમાં યોગ શિબિરોનું આયોજન થઈ રહ્યું છે. ભારત સરકાર દ્વારા યોગ પર વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર યોગના ક્ષેત્રમાં વ્યાપક કાર્ય કરી રહી છે. સાથે જ તેમણે કર્યક્રમમાં ઉપસ્થિત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલજીના યોગદાનની પણ પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે તેમના દ્વારા અનેક યોગ શિક્ષકો તૈયાર કરવામાં આવ્યા છે જે રાજ્યના નાગરિકોને યોગનું શિક્ષણ આપી અને તેના ફાયદાથી અવગત કરાવી રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર યોગના ક્ષેત્રમાં વ્યાપક કાર્ય કરી રહી છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' પહેલ સાથે સંકલિત GI ટેગ ઉત્પાદનોને પ્રદર્શિત કરશે VGRC- મધ્ય ગુજરાત

અમદાવાદ સોદાગરી બ્લોક પ્રિન્ટ, માતાની પછેડી અને ખંભાતના અકીક સહિત મધ્ય ગુજરાતના GI ટેગ ઉત્પાદનોને આગામી વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં ઉજાગર થશે

કમલમ્,

જૂન મહિનાના અંતિમ સપ્તાહ દરમિયાન મધ્ય ગુજરાત વિસ્તાર માટે વડોદરા ખાતે યોજાનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC), વિસ્તારના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવાની સાથે, આ પ્રદેશના હસ્તકલા ક્ષેત્રને પણ પ્રદર્શિત કરશે. આ રીજનલ કોન્ફરન્સમાં મધ્ય ગુજરાતના એવા પરંપરાગત હસ્તકલા ઉત્પાદનોને વિશેષ સ્થાન મળવાની શક્યતા છે, જેઓને પહેલેથી જ ભૌગોલિક સંકેત (GI) ટેગ પ્રાપ્ત થયો છે અથવા GI ટેગ માટે નોંધણીની પ્રક્રિયામાં છે. GI ટેગએ અધિકૃતતાનું એક સશક્ત પ્રમાણ છે, જે એવા ઉત્પાદનોને માન્યતા આપે છે, જેની વિશેષ પ્રતિષ્ઠા અને ગુણવત્તા તેના મૂળ સ્થાન સાથે જોડાયેલી હોય છે. મધ્ય ગુજરાતનાં સાંસ્કૃતિક વારસો અનેક અનોખી હસ્તકલાઓથી સમૃદ્ધ છે. તેમાં અમદાવાદ સોદાગરી બ્લોક પ્રિન્ટ, માતાની પછેડી, પિથોરા પેઇન્ટિંગ, પેથાપુર પ્રિન્ટિંગ બ્લોક્સ, ખંભાતના અકીક અને સંખેડા ફર્નિચર જેવા GI ટેગ ધરાવતા ઉત્પાદનોનો સમાવેશ થાય છે. સોદાગરી બ્લોક પ્રિન્ટ, કે જે અમદાવાદના જમાલપુર વિસ્તારના કારીગરો દ્વારા પ્રેક્ટિસ કરવામાં આવતી સદીઓ જૂની હાથથી છાપેલા કાપડની ટેકનિક છે, તેને વર્ષ ૨૦૨૩માં GI ટેગ મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પેઢી દર પેઢી ચાલતી આવતી આ હસ્તકલા છીપા સમુદાય દ્વારા અપનાવવામાં આવે છે. માતાની પછેડી, જે પરંપરાગત રીતે દેવી પૂજક સમુદાય દ્વારા તૈયાર કરવામાં આવે છે, તેને વર્ષ ૨૦૨૩માં GI ટેગ મળ્યો હતો. માતાની પછેડીએ કાપડ પર થતી પવિત્ર કારીગરી છે, જેમાં કપડ પર દેવી-દેવતાઓનું ચિત્રકામ કરવામાં આવે છે. આ કળા અમદાવાદ અને ખેડા જિલ્લામાં વિશેષ પ્રચલિત છે. પિથોરા પેઇન્ટિંગ એ રાઠવા, ભીલ અને ભીલાલા આદિવાસીઓ દ્વારા પ્રેક્ટિસ કરવામાં આવતી પામિક ભીંતચિત્રોની કળા છે, જે જીવંત રંગો અને સંસ્કારાઓ તેમજ ગહન પ્રતીકોને પ્રદર્શિત કરે છે. આ કળાને વર્ષ ૨૦૨૧માં GI ટેગ મળ્યો હતો. આ કળાનું પ્રચલન રાજ્યના છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં જોવા મળે છે. ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામમાં કારીગરો દ્વારા ૩૦૦ વર્ષથી વધુ સમયથી કરવામાં આવતી પેથાપુર પ્રિન્ટિંગ બ્લોકસની કારીગરી, તેની વિશિષ્ટ હસ્ત-કેતરણી તકનીક માટે પ્રખ્યાત બની છે, અને તેને વર્ષ ૨૦૧૮માં GI ટેગ મળ્યો હતો. ખંભાત (આણંદ)માં તૈયાર કરવામાં આવતા સેમિ-પ્રેશિયસ એટલે કે અર્ધ-કિમતી રત્નો, જેમને ખંભાતના અકીક (Agates of Cambay) કહે છે, જે પહેલા 'કેમ્બે' (Cambay) તરીકે ઓળખાતા હતા, તેમને વર્ષ ૨૦૦૮માં GI ટેગ આપવામાં આવ્યો હતો. અકીકની આ કારીગરી હડપ્પા સંસ્કૃતિના સમયની છે. વડોદરાના સંખેડા શહેરમાં ખરાડી-સુથાર સમુદાય દ્વારા બનાવવામાં આવતું સંખેડા ફર્નિચર તેની કલાત્મક ડિઝાઇન અને પરંપરાગત મડ્ડન-સોનેરી રંગસજ્જા માટે વિશેષ ઓળખ ધરાવે છે. સાગના મજબૂત લાકડામાંથી બારીકાઈથી તૈયાર કરવામાં આવતા સંખેડા ફર્નિચરને પણ વર્ષ ૨૦૦૮માં GI ટેગ મળ્યો હતો. આ ઉપરાંત, દાહોદમાં બીડ વર્ક (મણકાનું કામ) અને ખંભાતની પતંગ જેવા ઉત્પાદનો, જે હાલમાં GI નોંધણી પ્રક્રિયામાં છે, તે પણ VGRC મધ્ય ગુજરાતમાં પ્રદર્શિત થવાની સંભાવના છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિકાસ ભારત@2047 ના વિઝનને અનુરૂપ, આ અત્યાધુનિક ઉત્પાદનોને 'વોકલ ફોર લોકલ' પહેલ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ પરંપરાગત હસ્તકલાઓને વૈશ્વિક બજાર સાથે જોડવાના પ્રયાસો વધુ મજબૂત બન્યા છે. મધ્ય ગુજરાત પ્રદેશના વિવિધ GI ટેગવાળા ઉત્પાદનોને પ્રદર્શિત કરીને, વડોદરા ખાતે યોજાનારી આગામી કર્ષઝ પરંપરાગત કારીગરો અને ઉદ્યોગસાહસિકોને એક વૈશ્વિક મંચ પૂરો પાડશે, જેના થકી તેઓને સીધા આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડી શકાશે. અગાઉ આયોજિત થયેલી વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસે પ્રાદેશિક અર્થતંત્રને વેગ આપવાની સાથે સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરાઓને વૈશ્વિક ઓળખ અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વિવિધ MoUsની આપ-લે માટે એક મજબૂત મંચ પ્રદાન કરવા ઉપરાંત, આ રીજનલ કોન્ફરન્સમાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ, રિવર્સ બાયર-સેલર મીટ્સ, વેપાર પ્રદર્શનો અને સેક્ટર-સ્પેસિફિક પેવેલિયન જેવા કાર્યક્રમો પણ યોજાશે. વધુમાં, આ કોન્ફરન્સમાં ઔદ્યોગિક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, MSMEs માટે એવોર્ડ્સ, અને સમર્પિત B2B અને B2G નેટવર્કિંગ સત્રો પણ આયોજિત થશે. ઉપરાંત, આ કર્યક્રમમાં ઉદ્યમી મેળા, ઔદ્યોગિક અને પ્રવાસન રથળોની મુલાકાતો અને વૈશ્વિક ડાયસ્પોરા સાથે સંકળાયેલા આંતરરાષ્ટ્રીય ભાગીદારી કરારોનો પણ સમાવેશ થાય છે. સ્થાનિક ઉદ્યોગસાહસિકોને વૈશ્વિક રોકાણકારો સાથે જોડીને અને સમૃદ્ધ વારસા અને સંસ્કૃતિ તેમજ નવીનતાનું પ્રદર્શન કરીને, વડોદરા ખાતે યોજાનારી આગામી VGRC મધ્ય ગુજરાત ક્ષેત્રને એક્સપોર્ટ કરવા માટે સમગ્ર વિશ્વને આમંત્રિત કરશે.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ-સુરત દ્વારા નવનિર્મિત ‘જમનાબા વિદ્યાર્થી ભવન’નું લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ૩૧ ફૂટ ઊંચી, ૯ ટન વજન ધરાવતી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

- ખેતીથી લઈને પંચાયત અને પાર્લામેન્ટ સુધી દરેક ક્ષેત્રે પાટીદાર સમાજે પોતાની મહેનતથી આગવી ઓળખ મેળવી છે
- સુરતને ટેક્સ્ટાઈલ, ડાયમંડ, ટેક્નોલોજી અને કન્સ્ટ્રક્શન હબ બનાવવામાં પાટીદાર સાહસિકોનો સિંહફાળો
- જે સમાજે શિક્ષણને પ્રાથમિકતા આપી છે તેણે હંમેશાં પ્રગતિ અને સમૃદ્ધિની નવી ઊંચાઈઓ સર કરી છે

વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રીની કરકસર અને વિવેકપૂર્ણ સંસાધનોના ઉપયોગની અપીલને જીવનશૈલી બનાવવાનો મુખ્યમંત્રીશ્રીનો અનુરોધ

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાંથી સુરતમાં ભણવા આવતા સામાન્ય પરિવારોના દીકરા-દીકરીઓ માટે જમનબા ભવન વરદાનરૂપ સાબિત થશેઃ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

કમલમ્,સુરત

ડાયમંડ સિટી, સિલ્ક સિટી સુરતના આંગણે શિક્ષણ અને સામાજિક ઉત્થાનના ક્ષેત્રે એક નવો સુવર્ણ ઇતિહાસ આલેખતા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ-સુરત દ્વારા સમાજના દીકરા-દીકરીઓને ઉચ્ચ શિક્ષણ માટે શ્રેષ્ઠ સુવિધાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી નવનિર્મિત ‘જમનાબા વિદ્યાર્થી ભવન’ને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સુરતના વાલક પાટિયા, મણીબેન ચોકખાતે નિર્માણ પામેલા ભવ્ય જમનાબા વિદ્યાર્થી ભવન’માં ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે નિવાસ-અભ્યાસ, AIસ્માર્ટ લેબ, અદ્યતન લાઈબ્રેરીની અદ્યતન સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. આ સાથે, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ૩૧ ફૂટ ઊંચી, ૯ ટન વજન ધરાવતી સરદાર વલ્લભભાઈ પટેલની પંચધાતુની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. મહાનુભાવોએ સરદાર સાહેબની પ્રતિમા સમક્ષ પુષ્પાંજલિ કરી હતી. કેન્દ્રીય શ્રમ અને રોજગાર, રમતગમત મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા અને રાજ્યસભા સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે પૂર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલ ઓડિટોરિયમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જયંતિભાઈ બાબરીયા (અંકલેરા) તથા અન્નપૂર્ણા ધામના ચેરમેન રવજીભાઈ વસાણીના હસ્તે રિબિન કાપીને ભવનને વિધિવત લોકાર્પિત કરાયું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પવિત્ર અધિક માસમાં કરેલું દરેક સત્કાર્ય અને સમર્પણ લાખો ગણું ફળ આપે છે, ત્યારે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજે જનહિતના કાર્યો થકી ભગવાન પુરુષોત્તમને સાચા અર્થમાં પ્રસન્ન કરવાનું પુણ્યકર્મ કર્યું છે. આ સંસ્થા પટેલ એવાતનું જીવંત ઉદાહરણ છે કે જો સૌ સાથે મળીને પ્રયાસ કરીએ, તો વિકાસ ટ્રેલી ગતિ (સ્પીડ) અને વ્યાપ (સ્કેલ) સાથે સાકાર થઈ શકે છે. પાટીદાર સમાજના ત્યાગ અને દાનની સરવાણીને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ સંસ્થા માટે ટેવાયેલો છે. આર્થિક સંકડામણના દિવસોમાં પણ ઘરપરિવારની ચિંતા કર્યા વગર આંગણે આવેલા જરૂરિયાતમંદને અચૂક મદદ કરવાની પરંપરા આ સમાજે જાળવી રાખી છે. પથ્થરને પાટું મારીને પાણી કાઢવાની તાકાત ધરાવતો પાટીદાર સમાજ આજે માત્ર ખેતી પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ ઉદ્યોગ-ધંધા, વેપાર, શિક્ષણ, આરોગ્ય અને પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધીના દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહીને સામાજિક સમરસતા અને એકતાનો સંદેશ આપી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુરત આજે વિશ્વભરમાં ‘ડાયમંડ સિટી’ તરીકે ખ્યાતિ પામ્યું છે, તેમાં પાટીદાર સાહસિકોનો મોટો પુરુષાર્થ જોડાયેલો છે. ડાયમંડ ઉપરાંત ટેક્સ્ટાઈલ, એમ્બ્રોઈડરી અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રે પણ આ સમાજે કઠોર પરિશ્રમ થકી સુરતને વૈશ્વિક વેપારનું મુખ્ય કેન્દ્ર બનાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આ સમાજની વિશેષતાઃ સરાહના કરતા ઉમેર્યું કે, જે સમાજે શિક્ષણને પ્રાથમિકતા આપી છે તેણે હંમેશાં પ્રગતિ અને સમૃદ્ધિની નવી ઊંચાઈઓ સર કરી છે. સુરતમાં રહીને ઉદ્યોગ જગતમાં કાઠું કાઢવા છતાં આ સમાજે વડાપ્રધાનશ્રીના ‘વિકાસથી વિરાસત’ના મંત્રને આત્મસાત કરી પોતાના વતનની, ગામડાની ગ્રામ્ય સંસ્કૃતિ અને પરંપરાને અકબંધ રાખી છે, વતનના વિકાસને પણ પ્રાથમિકતા આપી છે. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજની ૪૪ વર્ષની ગૌરવશાળી સામાજિક યાત્રાને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૬૭ જેટલા સમૂહ લગ્નો યોજીને સામાજિક ક્રાંતિની નવી દિશા કંડારવામાં આવી છે. સાથે જ, લોકોને શ્રેષ્ઠ વિચારો તરફ વાળવા માટે છેલ્લા ૧૪૦ અઠવાડિયાથી સતત ચાલતો ‘વિચારોનું વાવેતર’ કાર્યક્રમ પ્રશંસનીય છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં ‘વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારત’ના નિર્માણની નેમનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સુરતવાસીઓ અને સમાજના અગ્રણીઓને ખાસ અપીલ કરી હતી કે, વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ માટે જે આહ્વાન કર્યું છે, તેને આપણે સૌ રોજિંદા જીવનની ટેવ બનાવીએ. પેટ્રોલની બચત, સોનાની વિવેકપૂર્ણ ખરીદી, પાણી અને વીજળીની બચત કરવી -આ તમામ બાબતો લાંબા ગાળે આપણા પોતાના અને દેશના હિતમાં છે.

મુખ્યમંત્રીશ્રીએ દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સુરતની જનતા અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ વડાપ્રધાનશ્રીની આ અપીલને પૂરતું સમર્થન આપી રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયાને વેગ આપશે. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જમનાબા ભવન નિર્માણ બદલ શુભેચ્છાઓ આપતા જણાવ્યું કે, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અન્ય ગ્રામ્ય કે અંતરિયાળ વિસ્તારોમાંથી સુરત શહેરમાં ભણવા આવતા સામાન્ય પરિવારોના દીકરા-દીકરીઓ માટે જમનબા ભવન વરદાનરૂપ સાબિત થશે. યુવાનોએ હવે શહેરમાં મોંઘા ભાડાના ફ્લેટ રાખીને રહેવું નહીં પડે, પરંતુ અહીં ઘર જેવા સંસ્કારયુક્ત વાતાવરણમાં રહીને તેઓ પોતાના અને પરિવારના સપનાઓ સાકાર કરી શકશે એમ જણાવી ભવન નિર્માણના દાતાઓ, ટ્રસ્ટીઓ અને પાટીદાર અગ્રણીઓને બિરદાવ્યા હતા.

વર્તમાન ડિજિટલ યુગના પડકારો સામે સામાજિક જાગૃતિ ખૂબ આવશ્યક હોવાનું જણાવતા નાયબ મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, આજના સોશ્યલ મીડિયાના પ્રભાવ અને મોબાઈલના યુગમાં જો દીકરા-દીકરીઓ મોબાઈલમાં વ્યસ્ત દેખાય તો તેમને ટોકવાના બદલે ઘરના દાદા-દાદીઓએ પોતાના પૌત્ર-પૌત્રીઓનો હાથ પકડીને તેમને સોસાયટીના મેદાને કે મંદિરે લઈ જઈ સંસ્કાર સિંચનનું કાર્ય કરવું જોઈએ. મહિલા સુરક્ષા અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, જ્યારે કોઈ દીકરીને કોઈ અસામાજિક તત્વોની ચુંગાલમાં ફસાય ત્યારે સોસાયટીઓમાં બેસીને તેદીકરી કેતેના પરિવારની નકારાત્મક ચર્ચાઓ કરવાના બદલે દીકરીને હિંમત આપી પીઠબળ પૂરું પાડવું જોઈએ.

સામાન્ય રીતે સામાજિક ડરના કારણોલોકો ક્યારેય આવી ઘટનાઓ છુપાવતા હોય છે, જેનાથી સમાજમાં ભયનો માહોલ પેદા થાય છે. આવા અસામાજિક તત્વોને કાયદાના પાઠ ભણાવી સીધા દોર કરવા માટે સમાજે એક થઈને પોલીસ અને સરકારને સહયોગ આપવો જોઈએ. ભવનના પ્રવેશદ્વારે પ્રસ્થાપિત સરદાર વલ્લભભાઈ પટેલની ૩૧ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમા હોસ્ટેલમાં રહેતા તમામ યુવાનોને દેશ, રાજ્ય અને સમાજ માટે સમર્પિત ભાવે કામ કરવાની પ્રેરણા પૂરી પાડશે એમ જણાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબના આદર્શ વિચારો અને રાષ્ટ્ર પ્રત્યેના યોગદાનને જીવંત રાખવા ગુજરાતમાં ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ના રૂપમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું નિર્માણ કરાવવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. કેન્દ્રીય શ્રમ અને રોજગાર, રમતગમત મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે, જમનબા વિદ્યાર્થી ભવનએ સંસ્કારનું કેન્દ્ર બનશે. સરદાર સાહેબના વિચારો તથા સમાજના ઈતિહાસમાંથી સમાજના યુવાનોને પ્રેરણા લેવાનો અનુરોધ કર્યો હતો. શ્રી માંડવીયાએ જણાવ્યું કે, પાટીદાર સમાજ વડીલોની પ્રેરણા, ઉમદા વર્તન-વ્યવહાર અને પ્રગતિની આકાંક્ષાઓના સહારે આજે મહાજનની શ્રેણીમાં આગવું સ્થાન પામ્યો છે. પરસ્પર સહયોગ અને પરિશ્રમથી આગળ વધવું એ સરદાર સાહેબનો સ્વભાવ હતો, જેને આ ગળ વધારતા સરદાર સંતાનોએ ‘રાષ્ટ્રપ્રથમ’નો જીવનમંત્ર અપનાવ્યો છે એમ જણાવી જ્ઞાનશક્તિ અને સમાજશક્તિ સાથે જોડાવાથી સમાજના ઉત્થાનનું લક્ષ્ય સાકાર થઈ રહ્યું છે, ત્યારે જણાવી કેન્દ્રીય મંત્રીશ્રીએ પાટીદાર સમાજના અગ્રણીઓને અભિનંદન પાઠવ્યા હતાં. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજના માબાપોએ પરિશ્રમથી ક્રમાયેલી મૂડીને સાચા રસ્તે ઉપયોગમાં લઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજે વર્ષોથી અનેકવિધ ક્ષેત્રે સેવાની સુવાસ પ્રસરાવી છે.

આ અદ્યતન શિક્ષણ ભવનનું નિર્માણ થવાથી વધુ એક મોરપીછ ઉમેરાયું છે. આ પ્રસંગે ઉર્જા, કાયદા રાજ્ય મંત્રી શ્રી કોશિકભાઈ વેકરિયાએ કહ્યું કે, સામાજિક ઉત્થાન માટેના સરકારના પ્રયાસોમાં પાટીદાર અગ્રણીઓએ બીડુંઉપાડી યુવાનોના યુવાધનને સાચી દિશા આપવા, તેમનું ઉજ્જવળ ભાવિ ઘડવા માટે ની રાહ કંડારી છે. ગામડાઓમાંથી આવતા દિકરા-દિકરીઓને શિક્ષણની સાથે સંસ્કારનો સમન્વય કરીને સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા ભવ્ય સમાજ ભવનનું નિર્માણ કરવા બદલ સૌનું અભિનંદન પાઠવ્યા હતા. આરોગ્યરાજ્યમંત્રી શ્રીપ્રફુલભાઈ પાનશેરીયાએ વિદ્યાર્થી ભવનના નિર્માણમાં એક ટીમ સાથે કાર્ય કરનાર કાનજીભાઈ ભાલાળા અને તેમની સમગ્ર ટીમ તથા દાતાઓને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે નાગરિક સંરક્ષણ મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ, વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર પૂર્ણેશભાઈ મોદી, સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, અમરેલીના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, આણંદના સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, અગ્રણી વલ્લભભાઈ સવાણી, પદ્મશ્રી મથુરભાઈ સવાણી, શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ-સુરતના પ્રમુખ કાનજીભાઈ ભાલાળા, ઉપપ્રમુખ સવજીભાઈ વેકરિયા સહિત ધારાસભ્યો, મહાનુભાવો, સામાજિક-ગ્રામ્ય અગ્રણીઓ, અગ્રણી ઉદ્યોગપતિઓ તેમજ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ SAI NCoE ગાંધીનગર ખાતે સંકલિત રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું

“નવું ભારત એક એવી રમતગમતની ઇકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે જ્યાં દરેક ખેલાડીને મોટા સપના જોવાની અને દેશ માટે જીતવાની તક મળે છે”: ડો. મનસુખ માંડવિયા

કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ **SAI NCoE** ગાંધીનગર ખાતે રમતગમતના અનેક નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું હતું, જે દેશભરમાં વિશ્વ કક્ષાની હાઈ-પર્ફોર્મન્સ સ્પોર્ટિંગ ઇકોસિસ્ટમના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. મંત્રીએ કેન્દ્ર ખાતે નવનિર્મિત પેરા એથ્લેટ હોસ્ટેલ (પેરા ખેલાડીઓ માટેનું છાત્રાલય), સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ (કેન્દ્રીય ભોજનાલય), સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ, મલ્ટિપર્પઝ ટ્રેનિંગ હોલ (બહુહેતુક તાલીમ હોલ) અને મેડિકેશન પાર્ક (ઔષધ ઉદ્યાન) નું ઉદ્ઘાટન કર્યું હતું. તાલીમ, રિકવરી (પુનઃપ્રાપ્તિ), પોષણ, સ્પોર્ટ્સ સાયન્સ (રમતગમત વિજ્ઞાન) અને માનસિક સુખાકારી માં સંકલિત સહાય દ્વારા ખેલાડીઓની તૈયારીઓને મજબૂત કરવા માટે આ સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ખેલાડીઓ, કોચ અને અધિકારીઓને સંબોધતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતની રમતગમતની ઇકોસિસ્ટમ ખેલાડી-કેન્દ્રિત વિકાસ અને સમાવેશી રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર સાથે પરિવર્તનકારી બદલાવમાંથી પસાર થઈ રહી છે. મંત્રીએ કહ્યું, “પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ખરેખર આપણા પેરા-ખેલાડીઓના ‘પરમ મિત્ર’ છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે માત્ર દેશભરમાં રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર જ નથી કર્યો, પરંતુ દરેક પેરા-ખેલાડી માટે ગૌરવ, સુલભતા, માન્યતા અને સમાનતાનો પણ સુનિશ્ચિત કર્યો છે.” વૈશ્વિક રમતગમતમાં ભારતના ઉદય પર પ્રકાશ પાડતા ડૉ. માંડવિયાએ નોંધ્યું હતું કે ભારતે એશિયન પેરા ગેમ્સમાં ૧૧૧ મેડલ અને પેરાલિમ્પિક્સ ૨૦૨૪ માં રેકોર્ડ ૨૯ મેડલ મેળવ્યા છે, જે દેશની ઝડપથી મજબૂત થઈ રહેલી રમતગમતની ઇકોસિસ્ટમને પ્રતિબિંબિત કરે છે. તેમણે ટિપ્પણી કરી, “તાજેતરની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં અમારા રેકોર્ડબ્રેક પ્રદર્શન એ કોઈ આકસ્મિક સિદ્ધિ નથી. આ ખેલાડીઓમાં સતત રોકાણ, વૈજ્ઞાનિક તાલીમ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભારત વૈશ્વિક રમતગમતની મહાસત્તા બની શકે છે તેવા દ્રઢ વિશ્વાસનું પરિણામ છે.” મંત્રીએ અવલોકન કર્યું કે **SAI NCoE** ગાંધીનગર, જેને મંત્રાલય દ્વારા ‘પેરા સ્પોર્ટ્સ માટે નોડલ સેન્ટર’ તરીકે નોટિફાય કરવામાં આવ્યું છે, તે પેરા-ખેલાડીઓના વિકાસ માટે દેશના અગ્રણી હાઈ-પર્ફોર્મન્સ કેન્દ્રોમાંનું એક તરીકે ઉભરી રહ્યું છે. આ કેન્દ્ર હાલમાં પેરા એથ્લેટિક્સ, પેરા બેડમિન્ટન, પેરા ટેબલ ટેનિસ, પેરા પાવરલિફ્ટિંગ, પેરા સ્વિમિંગ અને પેરા ફેન્સિંગ સહિત છ પેરા સ્પોર્ટ્સ વિષયોને સહાય પૂરી પાડે છે. આ સુવિધાઓનો ઉપયોગ ઇન્ડબોલ, કબડ્ડી અને ખો-ખોની તાલીમ માટે પણ કરવામાં આવી રહ્યો છે. ડૉ. માંડવિયાએ કબડ્ડી, પેરા સ્પોર્ટ્સ, વોલીબોલ અને બાસ્કેટબોલ માટે કેન્દ્ર ખાતે આયોજિત નેશનલ કોચિંગ કેમ્પમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે પણ વાતચીત કરી હતી. તેમણે અવલોકન કર્યું કે ઉચ્ચ સ્તરીય તાલીમ વાતાવરણ અને વૈજ્ઞાનિક સહાય પ્રણાલીઓનો સતત સંપર્ક ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ સહિતની ભાવિ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માં ભારતની મેડલ જીતવાની સંભાવનાઓને મજબૂત કરશે. મંત્રીએ ઉમેર્યું, “પેરા એથ્લેટ હોસ્ટેલ, સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઇનિંગ હોલ જેવી સુવિધાઓ માત્ર ઈમારતો નથી; તે ભારતના ભાવિ ચેમ્પિયન્સમાં રોકાણ છે. આ સંકલિત હાઈ-પર્ફોર્મન્સ ઇકોસિસ્ટમ્સ આગામી વર્ષોમાં ભારતની રમતગમતની શ્રેષ્ઠતાની યાત્રામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.” નવા ઉદ્ઘાટન કરાયેલા મલ્ટિપર્પઝ ટ્રેનિંગ હોલનો ઉપયોગ મુખ્યત્વે કબડ્ડીની તાલીમ માટે કરવામાં આવશે અને તે ખેલાડીઓ માટે વર્ષભર ઉચ્ચ-તીવ્રતાની પ્રેક્ટિસ, મેચ સિમ્યુલેશન અને વ્યૂહાત્મક તૈયારીઓમાં મદદરૂપ બનશે તેવી અપેક્ષા છે. આ આધુનિક સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ વૈજ્ઞાનિક તાલીમ પદ્ધતિઓ દ્વારા ખેલાડીઓનું પ્રદર્શન, સહનશક્તિ, રિકવરી અને ઈજા નિવારણ વધારવા માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. ડૉ. માંડવિયાએ વધુમાં રેખાંકિત કર્યું હતું કે પેરા એથ્લેટ હોસ્ટેલ અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ સામાજિક-ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય ની નાણાકીય સહાયથી વિકસાવવામાં આવ્યા છે, જે સમાવેશી રમતગમતના વિકાસ અને પેરા-ખેલાડીઓના કલ્યાણ તરફ ભારત સરકારના સંકલિત અભિગમને દર્શાવે છે. ખેલાડીઓના સર્વાંગી વિકાસના મહત્વ પર ભાર મૂકતા મંત્રીએ જણાવ્યું હતું કે આધુનિક રમતગમતની શ્રેષ્ઠતા માત્ર શારીરિક તૈયારી પર જ નહીં, પરંતુ પોષણ, માનસિક સુખાકારી, શિસ્ત અને રિકવરી પર પણ આધાર રાખે છે. તેમણે નોંધ્યું હતું કે મેડિકેશન પાર્ક અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ જેવી સુવિધાઓ ખેલાડીઓ માટે વ્યાપક હાઈ-પર્ફોર્મન્સ ઇકોસિસ્ટમ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપશે. આ ઉદ્ઘાટન સમારોહમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (**SAI**) ના વરિષ્ઠ અધિકારીઓ, કોચ, ખેલાડીઓ અને રમતગમત જગતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028